પત્ર ક્રમાંક : પીએનડીટી/૧૦૨૦૧૧/૯૩૩/બ.૧
**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,**
ગુજરાત સરકાર,
૭/૭, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
ફોન : (૦૭૯) ૨૩૨ ૫૧૪૨૮,
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૭૯૬૪

सत्यमेव जयते

**આર. સી. મીના**, આઇ.એ.એસ.
અધિક સચિવ

તારીખ : ૯-૦૯ ૨૦૧૧.

પ્રતિ,

સર્વે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી

વિષય - પ્રી-નેટલ ડાયગ્નોસ્ટીક ટેકનીકસ (પ્રોહીબેશન ઓફ સેકસ સીલેકશન) એકટ-૧૯૯૪ હેઠળ સબ ડીસ્ટ્રીકટ એડવાઇઝરી કમિટીની રચના કરવા બાબત

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે આપનું ધ્યાન દોરી આજ્ઞાનુસાર જણાવવાનું કે, PC & PNDT Act કેન્દ્રીય અધિનિયમ છે. સદરહું અધિનિયમની કલમ-૧૭(૫) અન્વયે એડવાઇઝરી કમિટીની રચના રાજય સરકારે કરવી એવી જોગવાઇ અધિનિયમમાં કરવામાં આવેલ છે જે અન્વયે વિભાગના તા.૩૦/૮/૨૦૦૮ ના રાજયના ૪૬ બ્લોક હેલ્થ ઓફીસરોને અને તા.૩૦/૭/૨૦૧૧ ના જાહેરનામાથી રાજયના બાકી રહેતા ૧૨૫ એમ કુલ-૧૭૧ બ્લોક હેલ્થ ઓફીસરોને સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રીએટ ઓથોરીટી તરીકે જાહેર કરવામાં આવેલ છે અને જે અન્વયે વિભાગના તા.૨/૩/૨૦૦૯ ના તેમજ તા.૫/૮/૨૦૧૧ ના પત્ર ક્રમાંકઃ- એફપીડબલ્યુ/૧૦૨૦૦૮/૮૫૩/બ.૧ થી બ્લોક એડવાઇઝરી કમિટીની રચના કરવા જણાવેલ છે. જેથી વિભાગના તા.૨/૯/૨૦૧૧ ના જાહેરનામાથી પ્રાંત ઓફીસરોને સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રીએટ ઓથોરીટી તરીકે જાહેર કરવામાં આવેલ છે. જે અન્વયે પ્રાંત કક્ષાએથી અલગથી એડવાઇઝરી કમિટીની રચના કરવાની રહેતી નથી. પરંતુ જે તે પ્રાંત ઓફીસરે તેમના કાર્યક્ષેત્રના જે તે બ્લોક નીચે વિભાગના ઉકત પત્રોથી સૂચવ્યા મુજબ રચવામાં આવેલ એડવાઇઝરી કમિટીની સલાહ અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

આપનો વિશ્વાસુ,

(આર.સી.મીના)
અધિક સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ રવાનાઃ-

- કમિશ્નરશ્રી (આરોગ્ય), આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (પ.ક) આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ, આરોગ્ય અને તબીબી સેવાઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જીલ્લા પંચાયત
- સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ
- સર્વે પ્રાંત ઓફીસરશ્રીઓ.
- સર્વે બ્લોક હેલ્થ ઓફીસરશ્રીઓ
- પસંદગી ફાઇલ.